# સીટી ઓફ બ્રેમ્પટન જાન્યુઆરી 5, 2022 થી રિઓપન કરવા પ્રોવિન્સના રોડમેપનું સુધારેલું પગલું બે પર હંગામી ધોરણે પરત આવવાની તૈયારી કરી રહ્યું છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જાન્યુઆરી 4, 2022) – ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ ગઈકાલે કરેલી ઘોષણા પછી, સીટી ઓફ બ્રેમ્પટન આ બુધવાર, જાન્યુઆરી 5 નાં રોજ મળસ્કે 12:01 વાગ્યાથી રિઓપન કરવા પ્રોવિન્સના રોડમેપનું સુધારેલું પગલું બે પર હંગામી ધોરણે પરત આવવાની તૈયારી કરી રહ્યું છે.

**પ્રોવિન્સના જાન્યુઆરી 5 થી અમલી બનતા આરોગ્ય અને સુરક્ષા ઉપાયો**

જાન્યુઆરી 5 નાં રોજ, રિઓપન કરવા પ્રોવિન્સના રોડમેપનું સુધારેલું પગલું બે હેઠળ નીચેના ઉપાયો અમલી બનશે:

- સામાજિક હળવા-મળવાની પરવાનગી ઈનડોરમાં પાંચ લોકો અને આઉટડોરમાં 10 લોકો સુધી.
- ઈનડોર આયોજિત જાહેર કાર્યક્રમોમાં પાંચ લોકો સુધીની પરવાનગી.
- સ્થળ પર હાજર રહીને કરવી પડે તે કામગીરી સિવાય ધંધાઓ અને સંસ્થાઓએ કર્મચારીઓ રિમોટલી (દૂરસ્થ રહીને) કામ કરતા હોવાની ખાતરી કરવી અનિવાર્ય છે.
- ઈનડોર લગ્ન પ્રસંગો, અંતિમક્રિયાઓ, અને ધાર્મિક સેવાઓ, વિધિઓ અને ક્રિયાઓ જે તે રૂમની 50 ટકા ક્ષમતા સુધી સીમિત રહે છે. આઉટડોર સેવાઓ વ્યક્તિઓ વચ્ચે 2 મીટરનું શારીરિક અંતર જાળવી શકાય તેટલા લોકોની સંખ્યા સુધી સીમિત રહે છે. આ સેવાઓ સાથે સંકળાયેલી સામાજિક હળવા-મળવાની મર્યાદાઓનું પાલન અચૂક કરવું રહ્યું.
- શોપિંગ મોલ્સ સહિત, રિટેઇલ સ્થળોમાં 50 ટકા જેટલી ક્ષમતાની પરવાનગી છે. વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવા લાઇનમાં ઊભા રહેવું અનિવાર્ય બનશે, આમતેમ ફરવાની પરવાનગી અપાશે નહિ અને ફૂડ કોર્ટ્સ બંધ રાખવા અનિવાર્ય છે. અંગત સંભાળ સેવાઓને 50 ટકાની ક્ષમતાએ પરવાનગી મળે છે. સૌના (Saunas), સ્ટીમ રૂમ્સ, અને ઓક્સિજન બાર્સ બંધ રહેશે.
- રૅસ્ટોરન્ટ્સ, બાર્સ અને અન્ય ખાદ્ય પદાર્થો કે પીણાં વેચતી સંસ્થાઓમાં ઈનડોર ડાઇનિંગ બંધ રહેશે. પ્રતિબંધો સાથે આઉટડોર ડાઇનિંગ, ટેકઆઉટ, ડ્રાઈવ થ્રૂ અને ડિલિવરીને પરવાનગી છે.
- ઈનડોર બેઠકો અને ઈવેન્ટ આયોજન સ્થળો સીમિત અપવાદો સાથે બંધ રહેશે; આઉટડોર આયોજન સ્થળો પ્રતિબંધો સાથે ખુલ્લા રહી શકશે.
- જાહેર પુસ્તકાલયો 50 ટકા ક્ષમતા સુધી સીમિત રહેશે.
- રાત્રે 10 વાગ્યા પછી આલ્કોહોલનું વેચાણ અને ધંધાઓ કે અન્ય સ્થળોએ રાત્રે 11 વાગ્યા પછી આલ્કોહોલનું સેવન પ્રતિબંધિત રહેશે. ડિલિવરી અને ટેકઆઉટ, ગ્રોસરી/કન્વેનિયન્સ સ્ટોર્સ અને અન્ય દારૂની દુકાનોને છૂટ મળશે.
- ઈનડોર કન્સર્ટ સ્થળો, થીયેટર્સ અને સિનેમા બંધ રહેશે.
- રિહર્સલ્સ અને રૅકોર્ડ કરેલા પરફોર્મન્સીસને પ્રતિબંધો સાથે પરવાનગી મળશે.
- મ્યુઝિયમ્સ, ગેલેરીસ, ઝૂ, સાયન્સ સેન્ટર્સ, લેન્ડમાર્ક્સ, ઐતિહાસિક સ્થળો, બોટાનિકલ ગાર્ડન્સ અને સરખા આકર્ષણો, એમ્યુઝમેન્ટ પાર્ક્સ અને વૉટર પાર્ક્સ, ટૂર અને ગાઇડ સર્વિસીસ અને ફેર (મેળો), ગ્રામ્ય પ્રદર્શનો, અને તહેવારો બંધ રહેશે. આઉટડોર સંસ્થાઓને પ્રતિબંધો સાથે અને દર્શકોની હાજરી સાથે, લાગુ પડતું હોય ત્યાં, 50 ટકા ક્ષમતા સાથે ખોલવાની પરવાનગી મળશે.
- જીમ્સ સહિતની ઇનડોર સ્પોર્ટ અને રિક્રિએશનલ ફિટનેસ સગવડો બંધ રહેશે, ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ અને પસંદગીની વ્યવસાયી અને એલીટ (શ્રેષ્ઠ) અને એમેચ્યોર (અવેતન રમતવીર) સ્પોર્ટ લીગ્સ માટે તાલીમ મેળવનાર રમતવીરો સિવાય. આઉટડોર સગવડોનું સંચાલન કરવાની પરવાનગી છે, પણ દર્શકોની સંખ્યા 50 ટકા હાજરી અને અન્ય જરૂરિયાતોને વટાવે નહિ તે સાથે.

**પ્રોવિન્સની ધંધાકીય સહાયતાઓ**

આપણું પ્રોવિન્સ ઓમિક્રોન વેરિઅન્ટ સામે પ્રતિક્રિયા કરવામાં જાહેર આરોગ્ય ઉપાયોથી સૌથી વધારે પ્રભાવિત ધંધાઓને ટેકો આપવા નવો ઓન્ટેરિયો બિઝનેસ કોસ્ટ્સ રિબેટ પ્રોગ્રામ શરૂ કરી રહ્યું છે. ધંધો બંધ કરવો કે ક્ષમતા ઘટાડવી અનિવાર્ય હોય તેવા પાત્રતા ધરાવતા ધંધાઓએ ખર્ચવો પડતો મિલકત વેરો અને ઊર્જા ખર્ચાઓના એક ભાગ માટે તેઓને છૂટ (રિબેટ) ચૂકવણીઓ મળશે જ્યારે આ ઉપાયો અમલમાં રહે. તેઓ પ્રોવિન્સ દ્વારા વહીવટ કરાતો હોય તેવા

મોટા ભાગના વેરાઓ માટે ચૂકવણીઓ કરવા છ મહિનાનું વ્યાજ અને દંડ રહિત સમયગાળો પૂરો પાડીને ઓન્ટેરિયોના ધંધાઓ માટે રોકડ પ્રવાહ સુધારવામાં મદદ મેળવવા વધારાની સહાયતા પણ પૂરી પાડી રહ્યાં છે. ધંધાઓ માટે ઉપલબ્ધ સહાયતા પર વધુ માહિતી માટે જુઓ, પ્રોવિન્સની વેબસાઈટ.

**સીટી સર્વિસીસ, પ્રોગ્રામ્સ અને ફેસિલિટીસ**

સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો

સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો રૂબરૂ સેવાઓ માટે માત્ર એપોઇન્ટમેન્ટથી ખુલ્લી છે. વૉક-ઈન્સને પરવાનગી નથી. એક એપોઈન્ટમેન્ટ બૂક કરાવવા, વેબસાઈટ જુઓ www.brampton.ca/skiptheline.

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ આગળ નોટિસ આપવામાં આવે નહિ ત્યાં સુધી ઘટાડેલા સેવા સ્તરોએ સંચાલન કરી રહ્યું છે. પસંદગીના સંચાલનના ટર્મિનલ કલાકો પણ અનુકૂળ કરવામાં આવી શકે.

સૌથી અદ્યતન રૂટ સમયપત્રક અને સંચાલનના કલાકોને લગતી માહિતી માટે, ગ્રાહકોને બ્રેમ્પટન ટ્રાન્ઝિટના કોન્ટેક્ટ સેન્ટરને 905.874.2999 નંબર પર કૉલ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. નિયમિત સેવાને લગતી અદ્યતન માહિતી માટે વેબસાઈટ www.bramptontransit.com જુઓ અથવા Twitter પર @bramptontransit ને અનુસરો.

પ્રવાસ કરતી વખતે, બ્રેમ્પટન ટ્રાન્ઝિટનો ઉપયોગ કરતા લોકોને બસમાં અને ટર્મિનલ્સ પર ચુસ્ત-બંધ બેસતો માસ્ક પહેરવાનું, અને અવરજવર કરતી વખતે કંઈક ખાવા કે પીવા માસ્ક્સ નીચો કરવાનું ટાળવાનું યાદ અપાવવામાં આવે છે સિવાય કે તબીબી કટોકટી હોય. ઉતારુઓને પ્રવાસ કરતી વખતે, પોતાના અંગત ડિસઈન્ફેક્ટન્ટ (ચેપનાશક પદાર્થ), જેમ કે હેન્ડ સેનેટાઈઝર કે વાઈપ્સ સાથે રાખવાનું, પોતાના હાથ વારંવાર ધોવાનું અને પોતાની કોણીમાં ખાંસી કરવાનું કે છીંકવાનું પણ યાદ અપાવવામાં આવે છે.

વધારે સારું સફાઈ અને સ્વચ્છતા (સેનિટાઈઝિંગ) સમયપત્રક અમલમાં રહે છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટનું લક્ષ્ય દર 48 કલાકે તમામ સખત સપાટીઓ, ઓપરેટર કમ્પાર્ટમેન્ટ્સ અને બેઠકોને ચેપરહિત કરવાનું છે. મોટા ભાગની બસોને હાલમાં દર 24 કલાકે સેનિટાઈઝ કરવામાં આવે છે. સખત સપાટીઓ ધરાવતી સગવડો અને ટર્મિનલ્સને રોજીંદા ધોરણે સાફ અને સેનિટાઈઝ કરવામાં આવે છે.

ઈનડોર મનોરંજનલક્ષી સવલતો

બુધવાર, જાન્યુઆરી 5, 2022 થી શરૂ કરીને, સીટી ઑફ બ્રેમ્પટનના રિક્રિએશન સેન્ટર્સ હંગામી ધોરણે બંધ રહેશે અને બધાં ઈનડોર રિક્રિએશન કાર્યક્રમો અને સેવાઓ સ્થગિત કરવામાં આવશે.

મનોરંજનલક્ષી સેવાઓ અને સગવડોના સંબંધમાં અદ્યતન માહિતી વેબસાઈટ પર જોઈ શકાય છે, www.brampton.ca/recreation.

ડ્રોપ-ઈન કાર્યક્રમો: નિર્ધારિત ફિટનેસ, સ્વિમ, સ્કેટ અને સ્પોર્ટ્સ કાર્યક્રમો માટે હાલમાં રિઝર્વેશન ધરાવતા ગ્રાહકો પોતાના એકાઉન્ટમાં સ્વચાલિત રીતે ક્રેડિટ મેળવશે.

નોંધાયેલા કાર્યક્રમો: શિયાળુ નોંધાયેલા ઋતુલક્ષી કાર્યક્રમો હંગામી ધોરણે જાન્યુઆરી 31, 2022 નાં અઠવાડિયા સુધી સ્થગિત કરવામાં આવશે. કાર્યક્રમ પૂરો થવાની તારીખો અનુકૂળ કરવામાં આવશે નહીં. નોંધાયેલા શિયાળુ કાર્યક્રમો માટે નોંધણી કરાવનારાઓ ઘટેલા સત્ર સમયગાળાની ભરપાઈ કરવા પોતાના ક્લાયન્ટ એકાઉન્ટમાં પ્રો-રેટા (પ્રમાણાનુસાર) ક્રેડિટ મેળવશે.

ફેસિલિટી બુકિંગ્સ: ઈનડોર સ્પોર્ટ્સ અને સગવડો ભાડે આપવાનું, સીમિત અપવાદો સાથે સ્થગિત કરવામાં આવે છે. કર્મચારીઓ દ્વારા જાન્યુઆરી 4, 2022 થી શરૂ કરીને કરાર ધારકો (કોન્ટ્રાક્ટ હોલ્ડર્સ)નો સંપર્ક કરવામાં આવશે, તેઓના બુકિંગ્સ પુનઃનિર્ધારિત કે રદ કરવા અને તેઓના ખાતામાં ક્રેડિટ જમા કરાવવા

માટે. કૃપા કરી નોંધી લેશો કે કર્મચારીઓ દ્વારા જાન્યુઆરી 5, 2022 થી શરૂ કરીને બુકિંગ્સ ધરાવતા કરાર ધારકો (કોન્ટ્રાક્ટ હોલ્ડર્સ)નો સંપર્ક કાળક્રમ અનુસરીને કરવામાં આવશે.

સભ્યપદો: એક મહિનાના સભ્યપદો રદ થશે અને તેના મૂલ્યની જાન્યુઆરી 5, 2022 નાં રોજ પ્રો-રેટા (પ્રમાણાનુસાર) ક્રેડિટ આપવામાં આવશે. રિફંડની વિનંતી માટે recreationadmin@brampton.ca ને ઈમેઈલ મોકલીને સંપર્ક કરી શકાય છે.

આઉટડોર મનોરંજનલક્ષી સવલતો

આઉટડોર સ્કેટિંગ રિંક્સનું સંચાલન વહેલો તે પહેલો ધોરણે, હવામાન અને બરફની પરિસ્થિતિઓ અનુકૂળ રહે તો ચાલુ રહેશે. મુલાકાતીઓને પોતાની મુલાકાત પહેલાં આઉટડોર સ્કેટિંગ માર્ગરેખાઓ અને આઉટડોર રિંગ સંચાલનલક્ષી સ્થિતિની અદ્યતન માહિતી મેળવવા વેબસાઈટ www.brampton.ca/outdoorskating જોવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

માઉન્ટ ચિંગકુસી ડ્રોપ-ઈન સ્કીઈંગ, સ્નોબોર્ડિંગ અને ટ્યુબિંગ કામચલાઉ ધોરણે જાન્યુઆરી 14, 2022 નાં રોજ ખુલવા નિર્ધારિત છે, જો હવામાન અને હિમવર્ષાની પરિસ્થિતિઓ અનુકૂળ રહે. લિફ્ટ ટિકિટ્સ ખરીદવા સ્કી શૅલેની મુલાકાતો માટે રસીકરણના પુરાવાની જરૂરિયાતો અમલમાં છે. સ્કી શૅલેની મુલાકાત લેતી વખતે રસીકરણના પુરાવાની સ્થિતિના સંબંધમાં વધુ માહિતી મેળવવા વેબસાઈટ જુઓ, www.brampton.ca/mountching.

ધી રોઝ ઍન્ડ પરફોર્મિંગ આર્ટ્સ સગવડો:

સીટી ઑફ બ્રેમ્પટનની બધી ઈનડોર પરફોર્મિંગ આર્ટ સગવડો રૂબરૂમાં દર્શકો સાથે પરફોર્મન્સીસ માટે જાન્યુઆરી 5, 2022 થી હંગામી ધોરણે બંધ રહેશે.

બધાં ટિકિટ ધારકો ક્રેડિટ/ચેક, એકાઉન્ટ ક્રેડિટ, અથવા ડોનેશન માટે પૂરું ટિકિટ રિફંડ boxoffice@brampton.ca ને ઈમેઈલ મોકલીને મેળવી શકે છે.

બ્રેમ્પટન એન્ટરપ્રેન્યોર સેન્ટર

બ્રેમ્પટન એન્ટરપ્રેન્યોર સેન્ટરની ટીમ આ મુશ્કેલભર્યા સમય દરમિયાન ધંધાઓને સહાયરૂપ થવા અહીં હાજર છે. ધંધાઓ ઓનલાઈન એપોઈન્ટમેન્ટનું બુકિંગ વેબસાઈટ પર કરી શકે છે, www.brampton.ca/skiptheline.

## COVID-19 રસીકરણ

તમને પોતાને અને અન્ય લોકોને સંરક્ષણ આપવા માટે રસીઓ શ્રેષ્ઠ રીત છે. પાંચ વર્ષ અને ઉપરની કોઈપણ વ્યક્તિ માટે હવે ઓન્ટેરિયોની વેક્સિન બુકિંગ સિસ્ટમ મારફતે અથવા 1.833.943.3900 નંબર પર કૉલ કરીને એપોઈન્ટમેન્ટ્સ બુક કરાવી શકાય છે.

18 વર્ષ અને ઉપરની વ્યક્તિઓ માટે હવે પોતાની COVID-19 બુસ્ટર એપોઈન્ટમેન્ટ બુક કરાવી શકાય છે જો તેઓના છેલ્લાં ડોઝથી ઓછામાં ઓછાં ત્રણ મહિના પસાર થયા હોય. એપોઈન્ટમેન્ટનું બુકિંગ કરાવવા વેબસાઈટ જુઓ, https://covid-19.ontario.ca/covid-19-vaccines-ontario.

રસીકરણ પર સૌથી અદ્યતન માહિતી માટે, પ્રોવિન્સનું વેક્સિન પોર્ટલ જુઓ.

**માસ્ક્સ**

રહેવાસીઓને યાદ અપાવવામાં આવે છે કે સીટીએ પોતાનો બ્રેમ્પટન COVID-19 મેન્ડેટરી ફેસ માસ્ક બાય-લૉ એપ્રિલ 1, 2022 સુધી લંબાવ્યો છે.

COVID-19 મેન્ડેટરી ફેસ માસ્ક બાય-લૉ હેઠળ, બ્રેમ્પટનમાં બધી ઈનડોર જાહેર જગ્યાઓમાં નોન-મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે. સ્કાર્ફ, બંદાનાસ,

નૅક ગેઇટર્સ કે નૅક વોર્મર્સ અને એક્ઝેલેશન વાલ્વ્સ ધરાવતા માસ્ક્સ ફેસ કવરિંગ્સ તરીકે સ્વીકાર્ય નથી. તેમજ બાય-લૉ હેઠળ, માસ્ક્સ માત્ર ખોરાક કે પીણું લેવા માટે જ કાઢી શકાય છે જો વ્યક્તિ તે હેતુસર એક નિર્ધારિત જગ્યાએ બેસેલ હોય.

રહેવાસીઓ ફેલાવો રોકવામાં મદદ મળે તેથી પોતાનો ભાગ ભજવવાનું, વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવાનું, સારા સ્વચ્છતાશાસ્ત્રનો મહાવરો કરવાનું અને માસ્ક્સ પહેરવાનું ચાલુ રાખે તે માટે સીટી તેઓનો આભાર માને છે.

-30-

**મિડિયા સંપર્ક** :
પ્રભજોત કૅન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca